Extra No. 173

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LXI ] MONDAY, SEPTEMBER 7, 2020/ BHADRA 16, 1942

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦.

તારીખ: ૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૦ ના ગુજરાત વટહુકમ ક્રમાંક: ૧૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,

સરકારના નાયબ સચિવ.

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦.

## GUJARAT ORDINANCE NO. 11 OF 2020.

## AN ORDINANCE

*further to amend the Gujarat Prevention of Anti-Social Activities Act, 1985.*

સન ૨૦૨૦નો ગુજરાત વટહુકમ ક્રમાંક: ૧૧.

ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઇ છે કે ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે; સન ૧૯૮૫નો ગુજરાતનો ૧૬મો.

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.-** (૧) આ વટહુકમ ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત (સુધારા) વટહુકમ, ૨૦૨૦ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. **સન ૧૯૮૫નો ગુજરાતનો ૧૬મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.-** આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), કલમો 3 થી ૫-માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહેશે. સન ૧૯૮૫નો ગુજરાતનો ૧૬મો.

3. **સન ૧૯૮૫ના ગુજરાતના ૧૬મા અધિનિયમની દીર્ઘ સંજ્ઞા સુધારવા બાબત.-** મુખ્ય અધિનિયમમાં, દીર્ઘ સંજ્ઞામાં, "અનૈતિક વેપાર ગુનેગારો અને મિલકત પચાવી પાડનારાઓની" એ શબ્દોને બદલે, "અનૈતિક વેપાર ગુનેગારો, મિલકત પચાવી પાડનારાઓ, સાઇબર ગુનો કરનારાઓ, નાણાંની ધીરધાર સંબંધી ગુનો કરનારાઓ અને જાતીય ગુનો કરનારાઓની" એ શબ્દો મૂકવા.

૪. **સન ૧૯૮૫ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.-** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨-માં,-

(૧) ખંડ (ખખ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

સન ૧૮૮૭નો મુંબઇનો ૪થો.

''(ખખ) ''જુગારનો અડ્ડો ચલાવનાર'' એટલે ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૮૭ની કલમ ૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરે અથવા કરવાનો પ્રયત્ન કરે અથવા કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ;'';

(૨) ખંડ (ખખખ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

સન ૨૦૦૦નો ૨૧મો.

''(ખક) ''સાઇબર ગુનો કરનાર'' એટલે ઇન્ફરમેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ના પ્રકરણ ૧૧ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરે અથવા કરવાનો પ્રયત્ન કરે અથવા કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ;'';

સન ૧૮૬૦નો ૪૫-મો. સન ૧૮૬૦નો ૪૫-મો.

(૩) ખંડ (ગ)માં, ''ભારતના ફોજદારી અધિનિયમના પ્રકરણ ૧૬ અથવા પ્રકરણ ૧૭'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ભારતના ફોજદારી અધિનિયમના પ્રકરણ ૮ અથવા પ્રકરણ ૧૬ (કલમો ૩૫૪, ૩૫૪-ક, ૩૫૪-ખ, ૩૫૪-ગ, ૩૫૪-ઘ, ૩૭૬, ૩૭૬-ક, ૩૭૬-ખ, ૩૭૬-ગ, ૩૭૬-ઘ અથવા ૩૭૭ સિવાય) અથવા પ્રકરણ ૧૭ અથવા પ્રકરણ ૨૨'' એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા.

(૪) ખંડ (જ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

સન ૨૦૧૧નો ગુજરાતનો ૧૪મો.

"(જક) "નાણાની ધીરધાર સંબંધી ગુનો કરનાર" એટલે ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ના પ્રકરણ ૯ હેઠળ ગુના કરે અથવા કરવાનો પ્રયત્ન કરે અથવા કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ અથવા લોનનો કોઇ ભાગ અથવા તેના ઉપરનું વ્યાજ અથવા તેનો કોઇ હપતો વસૂલ કરવા અથવા લોનના વ્યવહાર સાથે સંકળાયેલી કોઇ જંગમ અથવા સ્થાવર મિલકતનો કબજો લેવા અથવા લોનની અથવા તેની ઉપરના વ્યાજની સમગ્ર અથવા અંશતઃ રકમ વસૂલ કરવાના હેતુ માટે, કોઇ વ્યક્તિ સામે, સીધેસીધો અથવાં અન્યથા અથવા કોઇ વ્યક્તિ મારફત શારીરિક હિંસાનો ઉપયોગ કરે અથવા એવો ઉપયોગ કરવાની ધમકી આપે તેવો નાણાની ધીરધાર કરનાર અથવા નાણાની ધીરધાર કરનારે રોકેલી કોઇ વ્યક્તિ અથવા તેના વતી કામ કરનારી કોઇ વ્યક્તિ.".

(૫) ખંડ (ઝ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(ઝક) "જાતીય ગુનો કરનાર" એટલે ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૩૫૪, ૩૫૪-ક, ૩૫૪-ખ, ૩૫૪-ગ, ૩૫૪-ઘ, ૩૭૬, ૩૭૬-ક, ૩૭૬-ખ, ૩૭૬-ગ, ૩૭૬-ઘ અથવા ૩૭૭ અથવા જાતીય પ્રકારના ગુનાઓ સામે બાળરક્ષણ અધિનિયમ, ૨૦૧૨ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનો કરે અથવા કરવાનો પ્રયત્ન કરે અથવા કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ;".

સન ૧૮૬૦-નો ૪૫મો.

સન ૨૦૧૨-નો ૩૨-મો.

## ૫. સન ૧૯૮૫ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૩નો સુધારો.-

મુખ્ય અધિનિયમમાં, કલમ ૩-માં, પેટા-કલમ ૪-માં, "અનૈતિક વેપાર ગુનેગાર અથવા મિલકત પચાવી પાડનાર" એ શબ્દો પછી, "સાઇબર ગુનો કરનાર અથવા નાણાની ધીરધાર સંબંધી ગુનો કરનાર અથવા જાતીય ગુનો કરનાર" એ શબ્દો દાખલ કરવા.

## નિવેદન

ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫, અસામાજિક તત્વોની અટકાયત કરીને શાંતિ અને વ્યવસ્થા જાળવવામાં ખૂબ જ ઉપયોગી રહ્યો છે. તેમ છતાં, રાજ્યની ઝડપી વૃદ્ધિ સાથે, કાયદાનો અમલ કરતી એજન્સીઓને, જાતીય ગુનો કરનારા, સાઇબર-ક્રાઇમ ગુનો કરનારા અને ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ની જોગવાઇઓનું સ્પષ્ટ રીતે ઉલ્લંઘન કરીને વધુ પડતા વ્યાજ દરે નાણાં ઉછીના આપતા અને તેની વસૂલાતના અસંખ્ય ઉપાયોનો આશરો લઇને જરૂરતમંદ વ્યક્તિઓને ઉછીના આપેલા નાણાંની વસૂલાત કરાવનાર નાણાની ધીરધાર કરનારા જેવા નવા પ્રકારના ગુના કરનારાના પડકારોનો સામનો કરવો પડે છે અને તેથી, સદરહુ ગુનેગારોના આવા પડકારો સામે મોટા પાયા પર જાહેર જનતાના હિતોની રક્ષા અને સુરક્ષા કરવી એ સમયની જરૂરિયાત છે.

તે બાબત પણ ધ્યાન પર આવી છે કે "જુગારના અડ્ડા(નો હવાલો ધરાવનાર વ્યક્તિ)"ની અટકાયત માટેની જોગવાઇ બિન-અસરકારક પુરવાર થઇ છે કારણકે તે, ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૮૭ની કલમ ૪ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે અને ત્રણ વર્ષની મુદતની અંદર સદરહુ કલમ હેઠળ બીજો ગુનો કરવા માટે દોષિત ઠેરવે છે.

તેથી, સદરહુ અધિનિયમને, તેમાં, "જુગારનો અડ્ડો ચલાવનાર"ની વ્યાખ્યા બદલવાની સાથે, જાતીય ગુનો કરનાર, સાઇબર-ક્રાઇમ ગુનો કરનાર અને નાણાની ધીરધાર સંબંધી ગુનો કરનાર-ની વ્યાખ્યાઓ દાખલ કરીને સુધારો કરવો આવશ્યક છે, જેથી કરીને, સદરહુ ગુના કરનારાનો અસરકારકતાથી સામનો કરી શકાય. વટહુકમની કલમો ૩ અને ૪-થી, સદરહુ હેતુ માટે, સંબંધિત જોગવાઇઓ સુધારવામાં આવે છે.

ગુજરાત રાજયની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા માટે, ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત (સુધારા) વટહુકમ, ૨૦૨૦ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર.
તારીખ: ૫મી સપ્ટેમ્બર, ૨૦૨૦.

**આચાર્ય દેવવ્રત,**
ગુજરાતના રાજયપાલ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

**સંગીતા સિંઘ,**
સરકારના અધિક મુખ્ય સચિવ.

------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.